**ખાતાકીય તપાસ, ફરજ મોકુફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ બાબત.**

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃપગર-૧૦૨૦૧૨-૫૬૭૭૨૯-મ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૧૫.૯.૨૦૧૫**

**ઠરાવ**

**વંચાણે લીધાઃ-**

૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૨૦૦૫/૯૦/મ, તા.૩૧.૩.૨૦૦૫.

**આમુખઃ-**

નાણા વિભાગના તા.૩૧.૩.૨૦૦૫ના ઠરાવથી ખાતાકીય તપાસ, ફરજ મોકુફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટેની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવી છે.

તા.૩૧.૩.૨૦૦૫ના ઠરાવની જોગવાઇ ક્ર.૧ (૧) મુજબ,સરકારી કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર થયેલ હોય પરંતુ વહીવટી કે અન્ય કારણોસર તે અંગેના હુકમો થયેલા ન હોય અને તે હુકમો થાય તે પહેલાં જો તેની સામે ખાતાકીય તપાસનો નિર્ણય થયેલો હોય, ફરજ મોકુફી ઉપર ઉતારાયેલ હોય કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલી હોય તો તે ખાતાકીય તપાસ/ફોજદારી કાર્યવાહીમાં આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાય નહીં, તથા જોગવાઇ ક્ર. ૧ (૪) (બ) મુજબ, ખાતાકીય તપાસના અંતે જો મોટી શિક્ષાના હુકમો કરવામાં આવે તો સંબંધિત કર્મચારીને કોઇપણ સંજોગોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાય નહીં.

તા.૩૧.૩.૨૦૦૫ના ઠરાવની ઉપરોક્ત જોગવાઇઓને કારણે, કર્મચારી/અધિકારીની ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખે કોઇ ખાતાકીય તપાસ ના હોય પરંતુ ઉચ્ચતર પગાર ધોરણના હુકમ થાય તે પહેલાં કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસનો નિર્ણય થયેલ હોય, ફરજ મોકુફી ઉપર ઉતારાયેલ હોય કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેના આખરી નિકાલ સુધી કર્મચારી/અધિકારીનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાતું નથી અને જો ખાતાકીય તપાસના અંતે મોટી શિક્ષાના હુકમ કરવામાં આવે તો કોઇ પણ સંજોગોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થઇ શકતું નથી.

ઉક્ત જોગવાઇઓના કારણે (૧) ખાતાકીય તપાસના આખરી નિકાલ સુધી ઉચ્ચતર પગાર ધોરણ ના મળતું હોય તેવા કર્મચારી/અધિકારી દ્વારા તથા (૨) પેન્શન કાપની મોટી શિક્ષાના કારણે કાયમી ધોરણે ઉચ્ચતર પગાર ધોરણ ના મળેલ હોય તેવા પેન્શનર્સ દ્વારા એવી રજૂઆતો કરવામાં આવે છે કે, '' ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખે કોઇ ખાતાકીય તપાસ પડતર ના હોય તો ઉચ્ચતર પગાર ધોરણ મળવું જોઇએ'' કેટલાંક કિસ્સામાં આ બાબતે નામ.હાઇકોર્ટમાં

(૧૧) બઢતીમાં જેમ '' એડહોક'' બઢતી આપવાની જોગવાઇ છે તે ઉચ્ચતર પગાર ધોરણની યોજનામા લાગુ પાડી શકાશે નહીં.

૨. વધુમાં આ પ્રકારના ખાતાકીય તપાસ, ફરજ મોકૂફી તેમજ ફોજદારી કેસોમાં આ ઠરાવ બહાર પડયા પહેલાં જો ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થઇ ગયેલું હોય તો પણ તેવા તમામ કેસો આ ઠરાવની જોગવાઇ મુજબ વિનિયમિત કરવાના રહેશે.

૩. શિક્ષકો માટેની ઉચ્ચતર પગાર ધોરણની યોજનાને પણ ઉપરની સૂચનાઓ લાગુ પડશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
સંયુકત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર
ત- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
ત- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
ત- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
ત- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ત- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
ત- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, ઉપરોકતની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ,
-જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સર્વે માન્ય કર્મચારી મંડળો,
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ ઉપર મૂકવા સારુ.
- સીલેકટ ફાઇલ- જ શાખા.

--------------------

ત પત્ર દ્વારા